# ધોરણ - 8 ગણિત

| અધ્યયન નિષ્પત્તિઓ | શીખવા શીખવવાની પ્રક્રિયા |
|---|---|
| M801 પેટર્ન / ઉદાહરણ દ્વારા સંમેય સંખ્યાઓના સરવાળા, બાદબાકી, ગુણાકાર અને ભાગાકાર વિશેના ગુણધર્મોનું સામાન્યીકરણ કરે છે. અને ગુણધર્મોનો ઉપયોગ કરી સાદુંરૂપ આપે છે.<br>M802 આપેલ સંખ્યાઓની વચ્ચે આવેલ શક્ય એટલી સંમેય સંખ્યાઓ શોધે છે. | • સંમેય સંખ્યા પરથી મૂળભૂત ક્રિયાઓ (સરવાળા, બાદબાકી, ગુણાકાર, ભાગાકાર) પરથી સંમેય સંખ્યાના ગુણધર્મો જેવા કે સંવૃતતા, ક્રમનો ગુણધર્મ, જૂથનો ગુણધર્મ, વિરોધી સંખ્યા, વિભાજનનો ગુણધર્મ તારવવો અને તે આધારિત પ્રવૃતિઓ કરાવવી.<br>• બે સંમેય સંખ્યા વચ્ચેની સંમેય સંખ્યાઓ (1) ગુણકની રીત અને (2) મધ્યકની રીત દ્વારા દર્શાવવાનો મહાવરો આપવો. |
| **M803** 2,3,4,5,6,9,11 ની વિભાજ્યતાની ચાવીઓની મદદથી આપેલ સંખ્યાની વિભાજ્યતા ચકાસે છે. | • વર્ગ સંખ્યાની ઓળખ કરાવવી.<br>• વર્ગ સંખ્યાઓના ગુણધર્મોના આધારે ચાવીઓની ચકાસણીનો મહાવરો કરાવવો.<br>• વિવિધ રસપ્રદ પેટર્ન દ્વારા સંખ્યાઓની વિશેષતાઓ દર્શાવવી. |
| M804 વિવિધ પદ્ધતિ /પ્રયુક્તિઓનો ઉપયોગ કરી આપેલ સંખ્યાના વર્ગ, ઘન, વર્ગમૂળ તથા ઘનમૂળ શોધે છે.<br>M804.1 વર્ગસંખ્યા અને તેની વિવિધ લાક્ષણિકતાઓ જણાવે છે.<br>M804.2 વિવિધ રીતો દ્વારા આપેલ સંખ્યાના વર્ગ કરે છે.<br>M804.3 અવિભાજ્ય અવયવીકરણની મદદથી વર્ગમૂળ શોધે છે.<br>M804.4 ભાગકારની રીતે વર્ગમૂળ શોધે છે.<br>M804.5 સંખ્યાના વર્ગમૂળનું અનુમાન કરે છે.<br>M804.6 વર્ગ વર્ગમૂળ આધારિત વ્યવહારિક કોયડા ઉકેલે છે.<br>M804.7 આપેલ સંખ્યાને નાનામાં નાની કઈ સંખ્યા વડે ગુણવાથી કે ભાગવાથી પૂર્ણવર્ગ સંખ્યા મળે તે શોધે છે.<br>M804.8 દશાંશ સંખ્યાઓનું વર્ગમૂળ શોધે છે.<br>M804.9 આપેલ સંખ્યા ધરાવતી પાઈથાગોરીયન ત્રિપુટી શોધે છે. | • વર્ગસંખ્યાની ઓળખ કરાવવી.<br>• વર્ગ સંખ્યાઓના ગુણધર્મોના આધારે ચાવીઓની ચકાસણીનો મહાવરો કરાવવો.<br>• વિવિધ રસપ્રદ પેટર્ન દ્વારા સંખ્યાઓની વિશેષતાઓ દર્શાવવી.<br>• વર્ગ શોધવા માટે નિત્યસમની રીત પાયથાગોરસ ત્રિપુટી જેવી પધ્ધતિઓ નો ઉપયોગ કરી મહાવરો કરાવવો.<br>• વર્ગમૂળ શોધવા માટે અવિભાજય અવયવની રીત, અનુમાનની રીત, ભાગાકારની રીત વગેરેનો ઉપયોગ કરવો.<br>• રસપ્રદ પેટર્નનો ઉપયોગ કરીને ઘનના ઉદાહરણો આપવા.<br>• પૂર્ણઘન સંખ્યા શોધવાનો મહાવરો કરાવવો.<br>• અવિભાજય અવયવીકરણની રીતે ઘનમૂળ શોધવાનો મહાવરો કરાવવો.<br>• કોઈ પણ સંખ્યાને કેટલા વડે ગુણવાથી અને કેટલા વડે ભાગવાથી પૂર્ણઘન બને તેનો મહાવરો કરાવવો.<br>• ઘનપૂર્ણાક ઘાતાંકના નિયમો, ઋણ પૂર્ણાક ઘાતાંક ધરાવતી સંખ્યાઓને પણ લાગુ પડે છે. |

DRAFT

| અધ્યયન નિષ્પત્તિઓ | | શીખવા શીખવવાની પ્રક્રિયા |
|---|---|---|
| | M804.10 ધન સંખ્યા અને તેની વિવિધ લાક્ષણિકતાઓ જણાવે છે.<br>M804.11 અવિભાજ્ય અવયવીકરણની મદદથી ઘનમૂળ શોધી શકે છે.<br>M804.12 અનુમાનની રીતે ઘનમૂળ શોધે છે.<br>M804.13 આપેલ સંખ્યાને નાનામાં નાની કઈ સંખ્યા વડે ગુણવાથી કે ભાગવાથી પૂર્ણઘન સંખ્યા મળે તે શોધે છે. | તેનો વિવિધ ઉદાહરણ દ્વારા મહાવરો કરાવવો.<br>• બહુ જ નાની સંખ્યાઓને ઋણ ઘાતાંક નો ઉપયોગ કરી પ્રમાણિત સ્વરૂપમાં રજૂ કરતો મહાવરો કરવો.<br>દા.ત : 0.000007 મીટર = 7□10-6 મીટર<br>• અગાઉના ધોરણમાં બૈજિક પદાવલિ અને સમીકરણ વિશે તથા ચલ વિશે આપેલ માહિતીનું પુનરાવર્તન કરાવવું.<br>• એક ચલ ધરાવતા સાદા સમીકરણને એક ચલ સુરેખ સમીકરણ કહે છે. તે સંકલ્પના સ્પષ્ટ કરાવવી.<br>• સમીકરણમાં બરાબર (=) ની બંને બાજુની કિંમતની સમાનતા વિશે જૂથમાં ચર્ચા કરાવવી.<br>• એક બાજુ સુરેખ પદાવલિ હોય અને બીજી બાજુ સંખ્યા હોય તેવા સમીકરણો નો ઉકેલ મેળવવા ચર્ચા પદ્ધતિનો ઉપયોગ કરવો. દા.ત 2x– 3 = 7<br>• સમીકરણનો ઉકેલ મેળવ્યા બાદ બાળકોને તાળો મેળવતાં શીખવવું.<br>• સમીકરણમાં બરાબરની બંન્ને બાજુ રહેલી પદાવલિઓમાં સમતાનો ઉપયોગ કરી ઉકેલ મેળવવાની પ્રક્રિયા સમજાવવી.<br>• વ્યવહારિક કોયડોઓને સમીકરણ સ્વરૂપે લખતાં શીખવવું. તેના માટે રોજબરોજની ઘટનાઓ જેમ કે ધારેલી સંખ્યા, ઉંમર, ગુણોત્તર, કિંમત, અપૂર્ણાંક વગેરેનો ઉપયોગ કરી શકાય. |
| M805 | પૂર્ણાંક ઘાતાંકોના દાખલા ગણે છે.<br>M805.1 ઋણ ઘાતાંક ને ધનઘાતાંકમાં તથા ધન ઘાતાંક ને ઋણ ઘાતાંકમાં દર્શાવે છે.<br>M805.2 ઘાતાંકના નિયમોનો ઉપયોગ કરીને સાદુંરૂપ આપે છે./કિંમત શોધે છે.<br>M805.3 ઘાતાંકનો ઉપયોગ કરી નાની મોટી સંખ્યાઓને પ્રમાણિત સ્વરૂપે દર્શાવે છે. તથા બે સંખ્યાઓની સરખામણી કરે છે. | |
| M806 | ચલનો ઉપયોગ કરી કોયડા તથા રોજિંદા જીવનના કોયડા ઉકેલે છે.<br>M806.1 એક બાજુ સુરેખ પદાવલિ અને બીજી બાજુ સંખ્યા હોય તેવા સમીકરણ નો ઉકેલ મેળવે છે.<br>M806.2 બંને બાજુ ચલ હોય તેવા સમીકરણનો ઉકેલ મેળવે છે.<br>M806.3 એકચલ સુરેખ સમીકરણ સંબંધી વ્યવહારૂ કોયડા ઉકેલે છે.<br>M806.4 સમીકરણનું સરળ સ્વરૂપમાં રૂપાંતરણ કરી ઉકેલ મેળવે છે. | |
| M807 | બૈજીક પદાવલિના ગુણાકાર કરે છે.<br>દા.ત. વિસ્તરણ કરો: (2X-5) (3X+7)<br>M807.1 સજાતીય-વિજાતીય પદો ઓળખે છે.<br>M807.2 બૈજીક પદાવલિઓના સરવાળા બાદબાકી કરે છે. | • વર્ગખંડમાં બાળકોને બૈજિક પદાવલિઓના ઊભા સરવાળાનું નિદર્શન કરાવવું.<br>• બાળકોને જૂથમાં ઊભી બાદબાકી કરાવતી વખતે નીચે લખેલ પદાવલિમાં પદોના ચિહ્નો કઈ રીતે બદલાય છે. તેનો મહાવરો કરાવવો. બિંદુઓની ભાત દ્વારા બૈજિક પદાવલિના ગુણાકાર શીખવવા.<br>• એકપદીનો એકપદી સાથે ગુણાકાર કરાવતી વખતે સંખ્યાનો ગુણાકાર સંખ્યા સાથે અને ચલનો ગુણાકાર ચલ સાથે કરાવવો.<br>❖ દા.ત : 5x □ 3y = 15xy |
| M808 | વિવિધ બૈજીક નિત્યસમનો ઉપયોગ કરી રોજિંદા જીવનના કોયડા ઉકેલે છે.<br>M808.1 નિત્યસમનો ઉપયોગ કરી પદાવલિઓના ગુણાકાર કરે છે. | |

DRAFT

| અધ્યયન નિષ્પત્તિઓ | શીખવા શીખવવાની પ્રક્રિયા |
|---|---|
| M808.2 નિત્યસમનો ઉપયોગ કરી કિંમત શોધે છે. | • એકપદીનો દ્વિપદી સાથે ગુણાકાર કરાવતી વખતે અને એકપદીનો ત્રિપદી સાથે ગુણાકાર કરાવતી વખતે વિભાજનના નિયમનો ઉપયોગ કરાવવો.<br>• દ્વિપદીનો દ્વિપદી સાથે અને દ્વિપદીનો ત્રિપદી સાથેનો ગુણાકાર વિભાજનના નિયમ દ્વારા કરાવવો.<br>• નિત્યસમ એટલે શું ? તેની સંકલ્પના બાળકોને ઉદાહરણ દ્વારા સ્પષ્ટ કરાવવી.<br>• એવી સમતા કે જેમાં આપેલ ચલની કોઈ પણ કિંમત માટે તે સાચી હોય તો તેને નિત્યસમ કહેવાય.<br>• પ્રમાણિત નિત્યસમોનો પરિચય કરાવવો.<br>❖ દા.ત. : (a+b)2 = a2 + 2ab + b2<br>(a-b)2 = a2 - 2ab + b2<br>(a+b) (a-b) = a2−b2<br>(x+a) (x+b) = x2+(a+b)x + ab |
| M809 નફો - ખોટ, વળતર (ડિસ્કાઉન્ટ ) વેટ, ચક્રવૃદ્ધિ વ્યાજ વગેરેની ગણતરીમાં ટકાની સંકલ્પનાનો ઉપયોગ કરે છે.<br>1. જ્યારે વળતર ટકાવારીમાં આપેલ હોય જેમકે છાપેલી કિમત પર કેટલું વળતર મળશે તે ગણે છે. અથવા ખરેખર મળેલ વળતર પરથી કેટલા ટકા વળતર મળ્યું તે ગણે છે.<br>2. મૂ.કિં .અને નફો આપેલા હોય ત્યારે નફાની ટકામાં ગણતરી કરે છે.<br>M809.1 સાદુંવ્યાજ અનેચક્રવૃદ્ધિ વ્યાજ શોધે છે.<br>M809.2 સાદું વ્યાજ અને ચક્રવૃદ્ધિ વ્યાજને લગતા કોયડાઓ ઉકેલે છે.<br>M809.3 ગુણોત્તર નફો ખોટ વળતર GST જેવાં વ્યવહારોમાં ટકાનો ઉપયોગ કરી ગણતરી કરે છે. | • છાપેલી કિંમત, વેંચાણ કિંમત વળતર GST, ST અને ચક્રવૃદ્ધિ વ્યાજ જેવા પારિભાષિક શબ્દોની વ્યાખ્યા સ્પષ્ટ કરાવવી. ટકાનો ઉપયોગ કરી દરેક માટે જુદી જુદી પરિસ્થિતિનું નિર્માણ કરવું.<br>• સૂત્ર પરથી વળતર મેળવતા શીખવવું<br>• દરેક વસ્તુઓ પર લાગતા વેરાઓ જેમ કે ST, GST સંબંધિત ઉદાહરણો સમજાવી તેને અનુરૂપ કોયડાઓ ઉકેલાવવા.<br>• ચક્રવૃદ્ધિ વ્યાજમુદ્દલના સૂત્ર પરથી ચક્રવૃદ્ધિ વ્યાજ, મુદ્દલ, વ્યાજનો દર, મુદત અને વ્યાજમુદ્દલની કિંમતો મેળવતા શીખવવું અને જરૂરી વ્યવહારમાં ઉપયોગી કોયડાઓ ઉકેલાવવા. |
| M810 સમપ્રમાણ અને વ્યસ્તપ્રમાણને લગતા કોયડા ઉકેલે છે. | • રોજિંદા જીવન સાથે સંકળાયેલી રાશિઓ વચ્ચેના સંબંધ પરથી સમપ્રમાણ અને વ્યસ્ત પ્રમાણની સમજ આપવી. |
| M811 ચતુષ્કોણના ખુણાઓના માપના સરવાળાના ગુણધર્મોનો ઉપયોગ કરી કોયડા ઉકેલે છે. | • ચતુષ્કોણની બાજુઓ અને ખુણાઓના માપ શોધાવવા અને તેમની વચ્ચેની પેટર્ન સમજાવવી |

DRAFT

| અધ્યયન નિષ્પત્તિઓ | શીખવા શીખવવાની પ્રક્રિયા |
|---|---|
| | તેમજ આ પેટર્ન આધારિત મળતા માપોનું સામાન્યીકરણ કરવું અને તેને લગતા દાખલાઓ આપી તેની ચકાસણી પણ કરાવવી. |
| M812 સમાંતરબાજુ ચતુષ્કોણના વિવિધ ગુણધર્મો ચકાસે છે. તથા તર્કને આધારે તેમની વચ્ચેના પારસ્પરિક સંબંધો સ્થાપિત કરે છે.<br>M812.1 ચતુષ્કોણના ગુણધર્મોના આધારે તેના પ્રકારો ઓળખે છે.<br>M812.2 ચતુષ્કોણના ખુણાઓ અને બાજુઓના માપના ગુણધર્મોનો ઉપયોગ કરી કોયડા ઉકેલે છે. | • સમાંતરબાજુ ચતુષ્કોણની લાક્ષણિકતાઓ ચકાસવી અને પ્રવૃતિઓ દ્વારા તર્ક લગાવવો, જેમ કે સમાંતરબાજુ ચતુષ્કોણ દોરાવવો તેના વિકર્ણ દોરાવવા અને તેના આધારે બાજુ અને ખૂણાઓનું માપન કરાવવું. |
| M813 પેપર અને બ્લેકબોર્ડ જેવી સમતલીય સપાટી પર ત્રિ-પરિમાણીય આકારો રજુ કરે છે. | • જુદીજુદી વસ્તુઓને ટેબલ પર મૂકી તથા મોટી વસ્તુઓનું screen પર Animation દ્વારા નિદર્શન કરાવી જુદા જુદા ભાગોનું, જુદીજુદી જગ્યાએથી અવલોકન કરાવવું.<br>• દૈનિક જીવનમાં વપરાતી વસ્તુઓની + D2 3D આકૃતિ બનાવવી (કાગળમાંથી ખોખું બનાવવું).<br>• આસપાસની જગ્યાનું નકશા સ્વરૂપે આલેખન કરાવવું.<br>• નકશામાં જુદીજુદી વસ્તુને કે સ્થળને દર્શાવવા પ્રમાણમાપ અને જુદા જુદા ખાસ સંજ્ઞા કે સંકેતોનો ઉપયોગ કરાવતા શીખવવું જરૂર જણાય ત્યાં રંગપુરણી કરાવવી . શિરોબિંદુ ધાર અને ફલકને આધારે જુદાજુદા બહુલકની સમજ આપવી. (સમઘન લંબઘન પીરામીડ પ્રિઝમ વગેરે) |
| M814 વિવિધ ઘનાકારો માટે યુલરના સૂત્રની ચકાસણી કરે છે. તેમજ યુલરના સૂત્રની મદદથી ઘનાકારો માટે ધાર, ફલક અને શિરોબિંદુની સંખ્યા શોધે છે. | • Euler's નું સૂત્ર સમજાવી જુદા જુદા બહુલકો માટે શિરોબિંદુ, ધાર અને ફલકની સંખ્યા મેળવતાં શીખવવું. |
| M815 પરિકર અને સીધી પટ્ટીનો ઉપયોગ કરી વિવિધ પ્રકારના ચતુષ્કોણ રચેછે.<br>M815.1 ચાર બાજુઓ અને એક વિકર્ણની લંબાઇ પરથી ચતુષ્કોણ રચે છે.<br>M815.2 બે વિકર્ણ અને ત્રણબાજુના આધારે ચતુષ્કોણની રચના કરે છે.<br>M815.3 પાસપાસેની બે બાજુઓ અને ત્રણ ખૂણાના માપના આધારે ચતુષ્કોણ રચે છે.<br>M815.4 ત્રણ બાજુઓ અને તેનાં બે અંતર્ગત ખૂણાં પરથી ચતુષ્કોણની રચના કરે છે. | • ભૌમિતિક સાધનોનો ઉપયોગ કરીને વિવિધ ચતુષ્કોણની રચના કરાવવી<br>• ચારબાજુ અને એક વિકર્ણ બે વિકર્ણ અને ત્રણ બાજુ પાસપાસની બે બાજુ અને ત્રણ ખૂણા ત્રણ બાજુ અને તેનાં બે અંતર્ગત ખૂણા આપેલા હોય ત્યારે જ ચતુષ્કોણ રચી શકાય તેની સમજ આપવી. |

DRAFT

| અધ્યયન નિષ્પત્તિઓ | શીખવા શીખવવાની પ્રક્રિયા |
|---|---|
| M816 એકમ ચોરસ/ગ્રાફ પેપરની મદદથી વિવિધ આકારો જેવા કે સમલંબ ચતુષ્કોણ બહુકોણના ક્ષેત્રફળનો અંદાજ કાઢે છે. તથા સૂત્રની મદદથી ચકાસે છે.<br>M816.1 સૂત્ર પરથી સમલંબ ચતુષ્કોણનું ક્ષેત્રફળ શોધે છે.<br>M816.2 સમલંબ ચતુષ્કોણના ક્ષેત્રફળ આધારિત વ્યવહારુ કોયડા ઉકેલે છે.<br>M816.3 આપેલ બહુકોણને વિવિધ ભાગોમાં વિભાજીત કરી ક્ષેત્રફળની ગણતરી કરે છે. | • ગ્રાફ પેપર પર સમલંબ ચતુષ્કોણ અને અન્ય બહુકોણો દોરાવવા અને ગ્રાફ પેપરના ખાનાંની સંખ્યાના આધારે તેનું ક્ષેત્રફળ શોધાવવું.<br>• ત્રિકોણ અને ચોરસના ક્ષેત્રફળના સૂત્રના આધારે સમલંબ ચતુષ્કોણનું ક્ષેત્રફળ શોધવાનું સૂત્ર તારવતાં શીખવવું.<br>• |
| M817 બહુકોણના ક્ષેત્રફળની ગણતરી કરે છે. | |
| M818 ઘન, લંબઘન અને નળાકાર વસ્તુઓનું પૃષ્ઠફળ અને ઘનફળ શોધે છે.<br>M818.1 ઘન વસ્તુઓનું પૃષ્ઠફળ શોધે છે. અને વ્યવહારૂ કોયડા ઉકેલે છે.<br>M818.2 લંબ ઘનવસ્તુઓનું પૃષ્ઠફળ શોધે છે. અને વ્યવહારૂ કોયડા ઉકેલે છે.<br>M818.3 નળાકાર વસ્તુઓનું પૃષ્ઠફળ શોધે છે. અને વ્યવહારૂ કોયડા ઉકેલે છે.<br>M818.4 ઘન વસ્તુઓનું ઘનફળ શોધે છે. અને વ્યવહારૂ કોયડા ઉકેલે છે.<br>M818.5 લંબઘન વસ્તુઓનું ઘનફળ શોધે છે. અને વ્યવહારૂ કોયડા ઉકેલે છે.<br>M818.6 નળાકાર વસ્તુઓનું ઘનફળ શોધે છે. અને વ્યવહારૂ કોયડા ઉકેલે છે. | • ત્રિ-પરિમાણીય આકારોની સપાટીઓ બનાવવી જેમ કે સમઘન, લંબઘન અને નળાકાર.<br>• ચોરસ, લંબચોરસ અને વર્તુળના ક્ષેત્રફળને આધારે લંબઘન અને સમઘનનું પૃષ્ઠફળ શોધવાનું સૂત્ર તારવવું.<br>• એકમ ઘનની મદદથી સમઘન અને લંબઘન બનાવવા અને તેમનું ઘનફળ શોધાવવું. |
| M819 સ્તંભ આલેખ અને પાઈ ચાર્ટ દોરે છે. અને અર્થઘટન કરે છે.<br>M819.1 આપેલ માહિતીને આધારે આવૃત્તિ વિતરણ કોષ્ટક તૈયાર કરે છે.<br>M819.2 આવૃત્તિ વિતરણ કોષ્ટક પરથી માહિતીનું અર્થઘટન કરે છે.<br>M819.3 આપેલ માહિતી પરથી સ્તંભ આલેખ દોરે છે.<br>M819.4 આપેલ સ્તંભાલેખનું વાંચન કરી અર્થઘટન કરે છે.<br>M819.5 આપેલ માહિતી પરથી વર્તુળ આલેખ દોરે છે.<br>M819.6 આપેલ વર્તુળ આલેખનું વાંચન કરી અર્થઘટન કરે છે. | • માહિતી એકઠી કરાવી માહિતીના આધારે સ્તંભ આલેખ અને વર્તુળ આલેખ દોરાવવો.<br>• લંબ આલેખ વૃતઆલેખ(પાઈ ચાર્ટ) સ્તંભ આલેખના આધારે માહિતીનું નિયમન કરાવવું.<br>• રોજિંદા જીવનમાં બનતી ઘટનાઓની માહિતીને આધારે આલેખ દોરાવવા.<br><br>• પાસા/ સિક્કાને એકસાથે કે વારાફરતી ઉછાળી દરેક વખતે મળતાં પરિણામો એકત્ર કરી આગળના પરિણામની પૂર્વધારણા બાંધતા શીખવવું.<br>• પ્રાકૃતિક સંખ્યાઓના અવયવ મેળવવાના ઉદાહરણ આપવા<br>❖ દા.ત. 1, 2, 3, 5, 6, 10, 15 અને 30 એ 30 ના અવયવો છે. તેના આધારે બૈજીક પદાવલિના અવયવો મેળવવા માટે સામાન્ય અવયવો મેળવવાની રીતનો ઉપયોગ કરવો. |
| M820 સમતોલ પાસા અને સિક્કા દ્વારા પૂર્વનિર્મિત ઘટનાઓ અથવા પ્રાપ્ત માહિતી પરથી ભવિષ્યમાં થનારી ઘટનાઓની શક્યતાઓની આગાહી કરે છે. | |

DRAFT

| અધ્યયન નિષ્પત્તિઓ | શીખવા શીખવવાની પ્રક્રિયા |
|---|---|
| M820.1 તક અને સંભાવના વચ્ચેનો સંબંધ જણાવે છે.<br>M820.2 તક અને સંભાવનાના વ્યવહારિક કોયડા ઉકેલે છે.<br><br>M821 ચોક્કસ સ્કેલ માપ લઇ આપેલ સ્થળનો નકશો દોરે છે. ચોક્કસ સ્કેલમાપ લઇ નિશ્ચિત જગ્યાએ પહોંચવાનો નકશો સૂચના સહિત તૈયાર કરે છે.<br><br>M822 ત્રિ-પરિમાણીય આકારોને વિવિધ સ્થાનેથી જોતાં તે કેવો દેખાય છે. તે કહે છે.<br><br>M823 આપેલ પદાવલિના અવયવો શોધે છે.<br>M823.1 સામાન્ય અવયવની રીતે પદાવલિના અવયવો શોધે છે.<br>M823.2 પદોની પુનઃગોઠવણીએ દ્વારા પદાવલિના અવયવો શોધે છે.<br>M823.3 (x+a)(x+b) પ્રકારના અવયવો શોધે છે.<br>M823.4 નિત્યસમનો ઉપયોગ કરી પદાવલિના અવયવો શોધે છે.<br>M823.5 બૈજીક પદાવલિના ભાગાકાર કરે છે. | ❖ દા.ત. $2x+4=(2\times x)+(2\times 2)=2(x+2)$<br>• પદાવલિના અવયવો મેળવવા માટે પદોની પુન: ગોઠવણી કરીને પણ ઉકેલ મેળવી શકાય તે બાબત અનેક ઉ.દા. દ્વારા સ્પષ્ટ કરાવવી<br>• પુન:ગોઠવણી માટે શક્ય હોય ત્યાં સુધી સજાતીય પદો અથવા સમાન ચલ ધરાવતા પદો પાસપાસે મુકાવવા.<br>• પ્રમાણિત નિત્યસમોનો મહાવરો કરાવવો.<br>❖ દા.ત $a^2+2ab+b^2=(a+b)^2$<br>$a^2-2ab+b^2=(a-b)^2$<br>$a^2-b^2=(a+b)(a-b)$<br>❖ $x^2+px+9$પ્રકારની બૈજીક પદાવલિનું અવયવીકરણ કરવા માટે a ના બે અવયવો a અને b શોધવા પડે જેથી ...<br>$ab=9$ અને $a+b=p$ થાય તેથી પદાવલિ<br>$x^2+ax+bx+ab$<br>$=x(x+a)+b(x+a)$<br>$=(x+a)\,(x+b)$<br>• પદાવલિના અવયવો શોધવાના વધુ ઉ.દા. આપી મહાવરો કરાવવો.<br>• અંશ અને છેદમાં રહેલી પદાવલિઓના અવિભાજ્ય અવયવો પાડી લખાવવા. ત્યારબાદ સામાન્ય અવયવો દૂર કરી બાકી રહેલા અવયવોનું સાદુંરૂપ આપવું.<br>$=6x^3/2x=\frac{6x^3}{2x}$<br>$=\frac{2\times 3\times x\times x\times x}{2\times x}$<br>$=\frac{3\times x\times x}{1}$<br>$=3x^2$<br>• એકપદી વડે બહુપદીનો ભાગાકાર કરવા માટે અંશની બહુપદીના દરેક છે.દમાં આવેલી એકપદી દ્વારા ભાગવામાં આવે છે.<br>• સમીકરણ ઉકેલમાં બાળકોએ કરેલી ભૂલ શોધવાની પ્રવૃત્તિ જોડીમાં કરાવવી. (પા.પુ. પેજ નં. 227<br>• તેવી જ રીતે ગાણિતિક વિધાનોમાં રહેલી ભૂલો શોધવા માટે વધુ ઉદાહરણ આપી મહાવરો કરાવવો. |

DRAFT

| અધ્યયન નિષ્પત્તિઓ | શીખવા શીખવવાની પ્રક્રિયા |
|---|---|
| M.824 આપેલ માહિતી પરથી વિવિધ પ્રકારના આલેખ દોરે છે. તેમજ આપેલ આલેખ પરથી માહિતીનું અર્થઘટન કરે છે.<br>M824.1 આલેખ પરના બિંદુના x-નિર્દેશાંક અને y-નિર્દેશાંક જણાવે છે.<br>M824.2 આપેલ (x,y) સ્વરૂપના બિંદુઓને આલેખપત્ર પર દર્શાવે છે.<br>M824.3 આપેલ માહિતી પરથી રૈખિક આલેખ દોરે છે.<br>M824.4 આપેલ રૈખિક આલેખ પરથી અર્થઘટન કરી આલેખ આધારિત પ્રશ્નોના જવાબ જણાવે છે. | • રેખીય આલેખ ની સંકલ્પના સ્પષ્ટ કરાવવી.<br>• માહિતીના આધારે રેખીય આલેખ દોરાવવા.<br>• સુરેખઆલેખમાં બિંદુના નિર્દેશાંક દર્શાવતા શીખવવું.<br>• રોજિંદા જીવનમાં બનતી ઘટનાઓની માહિતીને આધારે આલેખ દોરાવવા. |
| M825 બહુકોણ અને તેના વિવિધ પ્રકારો વિશે સમજે છે.<br>M825.1 બહુકોણને ઓળખે છે.<br>M825.2 બહુકોણના વિકર્ણની સંખ્યા જણાવે છે.<br>M825.3 બહિર્મુખ અને અંતર્મુખ બહુકોણની સમજ મેળવે છે.<br>M825.4 નિયમિત અને અનિયમિત બહુકોણ વિષે જાણે છે.<br>M825.5 બહુકોણના ખૂણાના સરવાળાનો ગુણધર્મોનો ઉપયોગ કરે છે.<br>M825.6 બહુકોણના બધા જ બહિષ્કોણના માપનો સરવાળો 360° થાય છે. તે પરથી કોયડા ઉકેલે છે. | • વિવિધ પ્રકારના બહુકોણો દોરવી તેમના બધા જ બહિષ્કોણના માપનો સરવાળો °360 થાય છે. તે પરથી કોયડાઓ ઉકેલે છે. |
| M826 આપેલ સંખ્યાને તેના વ્યાપક સ્વરૂપમાં દર્શાવે છે. અને તેનો ઉપયોગ કરી ગણિત ગમ્મતના કોયડા ઉકેલે છે./કોયડા રચે છે./ કોયડામાંથી આનંદ મેળવે છે. | • સરવાળા કે ગુણાકારની પ્રક્રિયા માટે મૂળાક્ષરની કિંમત મૂકી મહાવરો કરાવવો.<br>❖ દા.ત :<br>ab = 10 a + b<br>= 10 a + b **પ્રમાણે**<br>37 = 10 3 + 7<br>a = 3 **અને** b = 7 **થાય.** |
| M827 અંકો અને મૂળાક્ષરો મિશ્રિત સંખ્યાઓના (આલ્ફાન્યુમેરીક )સરવાળા અને ગુણાકારના કોયડા ઉકેલે છે. | |
| M828 સંમેય સંખ્યાનું સંખ્યા રેખા પર નિરૂપણ કરે છે. | • સંમેય સંખ્યાનું સંખ્યારેખા પર નિરૂપણ કરાવવું |

DRAFT